# મોંઘવારી સામે શહેરમાં કોંગ્રેસની સાયકલ યાત્રા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે ખોરવાયેલા જનજીવન અને મધ્યમવર્ગની વેદનાને વાચા આપવા યોજાયેલ આ વિરોધમાં અગાઉ મહિલા કોંગ્રેસ દ્વારા ધરણા અને દેખાવો યોજાયા હતા. આગેવાનોએ તો મોંઘવારીના વિરોધમાં સૂત્રો લખેલા જાકીટ તો કેટલાકે પ્લે કાર્ડ સાયકલ પર સાઈકલ યાત્રામાં પ્રદેશના આગેવાન અને પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, ધારાસભ્યો તીખી આલોચના કરી હતી. સાયકલ યાત્રામાં પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, ઈન્ચાર્જ અરવિંદ સોલંકી, ભાવિનસિંહ ઠાકોર, રાકેશભાઈ પટેલ, જગતસિંહ ચૌહાણ, વખતસિંહ







મોંઘવારીના વિરોધમાં સાયકલયાત્રાનું કરાયેલુ આયોજન એ ટોક ઓફ ધી ટાઉન બન્યુ હતુ. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ સાયકલો ભાડે મેળવી આ રેલી યોજી હતી.

વધતી જતી મોંઘવારીથી સાયકલયાત્રા સે. ૨૬ થી શરૂ થઈ હતી અને સે. ૧૬ ખાતે સંપન્ન થઈ હતી.

કોંગ્રેસ દ્વારા ચાલી રહેલ જનચેતના અભિયાન અંતર્ગત આ રેલીનો આજે કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. મોંઘવારીના

જિલ્લા કોંગ્રેસ સમિતિના સૂત્રોએ સાયકલો નિયમ મુજબ રજીસ્ટ્રેશન કરાવી અને મેળવવામાં આવી હોવાનું જણાવ્યુ હતુ. આ રેલી એ શહેરના વિવિધ માર્ગો પર આકર્ષણ જમાવ્યુ હતુ. કેટલાક ભરાવી અને જોડાયા હતા.આ રેલીમાં કોંગ્રેસના આગેવાનો જોડાયા હોવાથી લોકો ઉત્સુકતાને લઈ પણ જોવા નીકળ્યા હતા. જો કે આખા રૂટ પર ભારે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

સર્વ ડૉ.સી.જે. ચાવડા, સુરેશભાઈ પટેલ જોડાયા હતા. સાયકલયાત્રાના સમાપનની વેળાએ કાર્યકરોએ "સસ્તા દારૂ મહેંગા તેલ", "મોદી તેરે રાજ મેં લુટ ગયે બાજારમેં" જેવા સૂત્રોચ્ચાર કરી ભાજપ સરકારની પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્યો સર્વ બાબુજી ઠાકોર, કામિનીબા રાઠોડ, પૂર્વ વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જયદીપસિંહ ઠાકોર, જિલ્લા પંચાયત વિપક્ષ નેતા રશ્મિજી ઠાકોર, ચીમનભાઈ વીંજુડા, ચૌહાણ, યુવરાજસિંહ રાણા, મુકેશભાઈ મારૂ સહિત સમગ્ર જિલ્લા તથા ગાંધીનગર શહેરમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો, વિવિધ સેલ-ડિપાર્ટમેન્ટના હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ટ્રેઈન ભલે ચાલુ થઈ પણ 'જાને કા નહીં...!!'

## એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ દ્વારા પર્યાવરણ બચાવવા માટે અપીલ

શું માનવ જાતને પશુ પક્ષીઓ અને વૃક્ષોની કોઈ ચિંતા જ નથી ? શું મનુષ્ય ભૌતિક સુખો ભોગવવામાં આંધળો બન્યો છે ? માનવીય જરૂરિયાતોને સંતોષવા માટે કલોલથી માણસા સુધીના ફોરલેન માર્ગનું નિર્માણ થઈ રહ્યું છે. જ્યાં ધમાસણા ગામમાં એક ઘટાદાર વડલો રોડની કપાતમાં આવતો હોવાથી તેને કાપવો જરૂરી હતો જેથી એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલપોમેન્ટ ટ્રસ્ટ દ્વારા વન વિભાગના સહયોગથી આ વડલાના ડાળખાં કાપીને આજુબાજુના ગામના તળાવમાં વાવવાનું કાર્ય કર્યુ. ટ્રસ્ટ દ્વારા સરકારને નમ્ર વિનંતી કરવામાં આવી છે કે જ્યાં પણ વિકાસ કાર્ય માટે થઈને વડ, પીપળ, ઉમરાનું કટીંગ કરવુ જરૂરી હોય તેવા સંજોગોમાં વન વિભાગની પૂર્વ મંજૂરીથી ચોમાસાના સમયમાં વડ, પીપળ, ઉમરાના વૃક્ષોને કાપીને નવી જગ્યાએ લગાવવાની શરતે જ મંજૂરી આપવી જોઈએ આ માટે સરકાર દ્વારા ધારાધોરણ મુજબ કાયદાકીય જોગવાઈ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

## સર્વ શિક્ષા અભિયાનના ઈજનેર લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા

### ઈજનેરના બે પુસ્તકનું શિક્ષણમંત્રીના હસ્તે વિમોચન કરાયું હતું

ગાંધીનગર, તા.૧૭

સર્વ શિક્ષા અભિયાનના હેઠળ પાટણ જિલ્લામાં છોકરાઓની હોસ્ટેલ તેમજ બાલિકા વિદ્યાલયના બિલના રૂપીયા મંજુર કરવાની અવેજીમાં કોન્ટ્રાકટર પાસે રૂ.૧.૨૧ લાખની લાંચની માંગણી કરનાર ગાંધીનગર સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ ઈજનેર એસીબીએ ગોઠવેલા છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા છે. એસીબીના હાથે ઈજનેર ઝડપાઈ જતા કચેરી અને કર્મચારીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો.

મળતી વિગત મુજબ પાટણ જિલ્લાના સમી તાલુકામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ છોકરાઓની હોસ્ટેલ અને શંખેશ્વર તાલુકામાં આવેલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું પેટા કોન્ટ્રાકટર તરીકે કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું હતું. જેથી કોન્ટ્રાકટ દ્વારા ગાંધીનગરની સર્વ શિક્ષા અભિયાન કચેરી ખાતે તમામ બિલ મંજુરી માટે મોકલી આપ્યા હતા. સમય વિતવા છતા અને અનેકવાર આંટાફેરા માર્યા બાદ પણ બિલ મંજુર થઈને પૈસા



આવ્યા ન હતા. જેને પગલે કોન્ટ્રાકટર સર્વ શિક્ષા અભિયાન કચેરીના સ્ટેટ ઈજનેર નિપુણ ચંદ્રવદન ચોકસીને મળ્યા હતા. બિલો મંજુર કરવા માટે ઈજનેરે કોન્ટ્રાકટર પાસે પૈસાની માંગ કરી હતી. પૈસા વધુ પડતા હોવાથી વાતચીત બાદ અંતે સ્ટેટ ઈજનેર નિપુણ ચોકસી ને બિલો મંજુર કરવાની અવેજીમાં ૧ ટકા લેખે રૂ.૧.૨૧ લાખ થતા હતા. જેથી કોન્ટ્રાકટ લાંચ આપવા માંગતો ન હોવાથી એસીબીના ટોલ ફ્રી નંબર પર ફોન કરીને સ્ટેટ ઈજનેર વિરુધ્ધ ફરીયાદ કરી હતી. જેથી મદદનીશ નિયામક કે.બી.ચુડાસમાના સુપરવિઝન હેઠળ અમદાવાદ શહેર એસીબી પોલીસ મથકના આર.જી. ચૌધરીએ ટીમ સાથે ગાંધીનગર સર્વ શિક્ષા અભિયાન કચેરી ખાતે છટકુ ગોઠવ્યું હતું. જયાં ઔપચારીક વાતચીત બાદ સ્ટેટ ઈજનેર નિપુણ ચોકસી એ રૂ.૧.૨૧ લાખની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાતા સર્વ શિક્ષા અભિયાન કચેરીમાં અને કર્મચારીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો. જયારે થોડા સમય પહેલા જ ઈજનેરના બે પુસ્તકનું શિક્ષણમંત્રીના હસ્તે વિમોચન કરાયું હોવાનું ધ્યાને આવ્યું છે.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક કેસ નોધાયો

### આજે ગાંધીનગર જિલ્લામાં ૭,૮૬૩ વ્યક્તિઓને કોરોનાની રસી અપાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર ૧૬ જુલાઈના ૫ કલાક બાદ એક કોરોનાનો કેસ નોંધાયો છે. તેમજ એક પણ વ્યક્તિનું મૃત્યૃ થયું નથી. એક વ્યક્તિને ડિસ્ચાર્જ કરવામાં આવી છે. આજે જિલ્લામાં કુલ ૭,૮૬૩ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં દાખલ દર્દીઓ ૫૦ છે. તેમજ ડિસ્ચાર્જ ૯,૬૫૧ દર્દીઓને કરવામાં આવ્યા છે. ૧૨૮ વ્યક્તિઓ હોમ કવોરોન્ટાઈન છે. આજે દહેગામ તાલુકાના ખાનપુર ગામની ૫૨ વર્ષીય ગૃહિણી કોરોના પોઝિટીવ આવ્યો છે. જેઓ હોમ આઈસોલેશનમાં છે.

કોરોનાને નાથવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ.કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમના માર્ગદર્શન હેઠળ, આરોગ્ય તંત્રના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા કોરોનાનું રસીકરણ સુચારૂ રીતે થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આજે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૧ કોરોના રસીના સેન્ટરો પર કુલ ૭,૮૬૩ વ્યક્તિઓને કોવિડ- ૧૯ ની રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪,૩૨,૬૭૮ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧,૧૮,૬૪૯ વ્યકતિઓને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.



ગાંધીનગર શહેરમાં જ ગંદકીના થર એવા જામ્યા છે કે રોગચાળાની સ્થિતિનું નિર્માણ થાય. આ તસ્વીર ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામની છે. વાવોલ- ઉવારસદ રોડ પર આવેલા તળાવની કિનારે મનપાની એજન્સી દ્વારા જ કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. આ માટે મનપામાં રજુઆત પછી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ના થતાં આ વિસ્તારની સોસાયટીઓના રહીશોમાં રોષની લાગણી જન્મી છે.

## ગ્રંથપાલ બેરોજગાર મંચ દંડવત્ પ્રણામ કરતા કરતા આવેદનપત્ર આપવા જશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૨ વર્ષથી ગ્રંથાલય અને છેલ્લા ૧૨ વર્ષથી પીટીઆઈની ભરતી થયેલ નથી.

બેરોજગાર મંચ દ્વારા મહાત્મા મંદિરથી નવા સચિવાલયમાં બેરોજગાર મંચ દ્વારા મહાત્મા મંદિરથી નવા સચિવાલયમાં સુતા સુતા (દંડવત્) કરતા કરતા શિક્ષણમંત્રીને આવેદન આપશે. ગુજરાત રાજ્યની અનુદાનિત કોલેજોમાં છેલ્લા ૨૨ વર્ષથી ગ્રંથપાલની ભરતી કરી નથી ૮૦ ટકા જગ્યા ખાલી છે. સરકારી કોલેજમાં ૬૦ ટકા જગ્યા ખાલી છે. એન્જીનીયરીંગ કોલેજમાં એક પણ ગ્રંથપાલ નથી, ૧૦૦ ટકા જગ્યા ખાલી છે. ૨૬ રાજ્ય સરકારની યુનિવર્સિટીમાં માત્ર ૨ જ ગ્રંથપાલ યુજીસી માન્ય બાકી બીજા ઈન્ચાર્જ હંગામી ધોરણે આસીસ્ટંટસ દ્વારા થાય છે. જ્યાં સંશોધન કાર્ય થતુ હોય ત્યાં ગ્રંથપાલ જ ન હોય તો વિદ્યાર્થીની શુ હાલત થાય ? નેશનલ નોલેજ કમિશનનાં રીપોર્ટ મુજબ ગુજરાતની ૫૬૦૦ શાળામાં છેલ્લા ૨૫ વર્ષથી ગ્રંથપાલની ભરતી કરી જ નથી. ગુજરાતના તમામ જિલ્લા, તાલુકામાંથી જાહેર ગ્રંથાલયમાં મોટા ભાગની જગ્યાઓ ખાલી છે. ઉપરાંત રાજ્યની અનુદાનિત કોલેજમાં ૨૩૭ પીટીઆઈ (શારિરીક શિક્ષણ અધ્યાપક) અને સરકારી કોલેજમાં ૬૫ જગ્યા છેલ્લા ૧૨ વર્ષથી ખાલી પડી છે. છેલ્લા ૧૦ વર્ષમાં શિક્ષણમંત્રીને ૭૦ જેટલા આવેદનપત્રો આપ્યા છતા કોઈ ભરતી કરવામાં આવી નથી. જેથી ગુજરાતના ઉચ્ચ શિક્ષિત પીટીઆઈ અને ગ્રંથપાલ મંચ દ્વારા સરકારની મંજૂરી લઈને મહાત્મા મંદિરથી નવા સચિવાલયમાં દંડવત કરતા કરતા શિક્ષણમંત્રીને આવેદન આપશે.

જો આગામી સમયમાં ભરતી નહી થાય તો હાઈકોર્ટમાં કેસ દાખલ કરવાની ચીમકી આપી છે. હાઈકોર્ટના એક ચુકાદા મુજબ અધ્યાપક, ગ્રંથપાલ અને પીટીઆઈ સમાન પોસ્ટ છે તો માત્ર અધ્યાપકની ભરતી થાય છે તો ગ્રંથપાલ અને પીટીઆઈને શા માટે બાકાત રખાય છે ? આ પ્રશ્ન ઉઠયો છે. આમ તો સમગ્ર ભારતમાં "વાંચે ભારત" "વાંચે ગુજરાત" જેવા અભિયાન ચાલે છે પણ ગ્રંથપાલ વગરના અને "ફીટ ઈન્ડિયા" અભિયાનમાં કોઈ પીટીઆઈ વાળા નથી તો આ અભિયાન સફળ કઈ રીતે થાય ? માટે આ અભિયાન નિષ્ફળ છે અને માત્ર કાગળ પર જ છે કે શું ? મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, અસમ, રાજસ્થાન, દિલ્હી, તમિલનાડુ, બિહાર, મહારાષ્ટ્ર જેવા દરેક રાજ્યોમાં શાળા, કોલેજ અને યુનિવર્સિટીમાં ગ્રંથપાલ અને પીટીઆઈની ભરતી થાય છે. એકલા ગુજરાતમાં આવી પોસ્ટની ભરતી કેમ નહી ? આ બાબતે દેશના ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર દ્વારા પીટીઆઈ અને ગ્રંથપાલ દ્વારા રજૂઆત કરાઈ છે. પીટીઆઈ અને ગ્રંથપાલ બેરોજગાર મંચની સમસ્યાનું સરકાર દ્વારા ત્વરિત નિરાકરણ આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

## આરટીઈ પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૧-૨૨ માટે અમાન્ય થયેલ ઓનલાઈન અરજીઓમાં ડોક્યુમેન્ટ ૧૯ જૂલાઈ-૨૦૨૧ સુધી અપલોડ કરી શકાશે

ગાંધીનગર, તા. ૧૮

આરટીઈ એક્ટ-૨૦૦૯ની કલમ ૧૨.૧.(સી) અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે તા. ૨૦/૦૬/૨૦૨૧નાં રોજથી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં આશરે ૧,૮૧,૧૬૨ જેટલી ઓનલાઈન અરજીઓ વેબપોર્ટલ પર મળી હતી. આ ઓનલાઈન અરજીઓની ચકાસણીની પ્રક્રિયા જિલ્લા કક્ષાએ તા. ૬/૭/૨૦૨૧ થી તા. ૧૩/૭/૨૦૨૧માં હાથ ધરવામાં આવી હતી. અરજી ચકાસણી બાદ કુલ ૨૬,૦૦૦ જેટલી અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય થઈ છે. જિલ્લાકક્ષાએ તેમજ રાજ્યકક્ષાએ અરજદારો તેમજ વિવિધ સંગઠનો દ્વારા મળેલ રજુઆતો અન્વયે અમાન્ય થયેલ અરજીઓ માટે અરજદારોને ઓનલાઈન કરેલ અરજીમાં જરૂરિયાત મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવાની એક તક આપવા અંગેનો નિર્ણય કરાયો છે એમ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર જે અરજદારોની ઓનલાઈન અરજી રીજેક્ટ થયેલ છે. માત્ર તેવા અરજદારો તા.૧૭/૭/૨૦૨૧ થી તા.૧૯/૭/૨૦૨૧ના સમયગાળા દરમિયાન ઓનલાઈન વેબપોર્ટલ https://rte.orpgujarat.com પર જઈ એપ્લિકેશન નંબર અને જન્મ તારીખ દાખલ કરી રીજેક્ટ થયેલ અરજીમાં જો કોઈ જરૂરિયાત મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવા માંગતા હોઈ તો અપલોડ કરી પોતાની એપ્લિકેશન સબમિટ કરી શકશે. જે અંગેની જાણ અરજદારોને જીસ્જી દ્વારા પણ કરવામાં આવશે.

આ સમયગાળા બાદ રીજેક્ટ થયેલ અરજીઓની પુનઃ ચકાસણી જિલ્લાકક્ષાએ તા.૨૦/૭/૨૦૨૧ થી તા. ૨૨/૭/૨૦૨૧ દરમિયાન કરવામાં આવશે. જે અરજદારો આ સમયગાળા દરમિયાન પોતાની રીજેક્ટ થયેલ અરજીમાં કોઈ સુધારો કરવા ન માંગતા હોય તો તેઓની અરજી અમાન્ય રાખી નિયમાનુસાર ઈઈ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તથા પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ તા. ૨૭/૭/૨૦૨૧, મંગળવારનાં રોજ જાહેર કરવામાં આવશે તેમ વધુમાં જણાવવામાં આવ્યું છે.

## જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર અને ગાંધીનગર મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં થયેલી કામગીરીની સમીક્ષા બેઠકનું આયોજન મેડિકલ કોલેજના ડીનના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાંથી ટી.બી.ને નાબૂદ કરવાનું આહ્‌વાન કર્યુ છે. જેના અનુસંધાને સમાજમાં રહેલા ટી.બી. રોગના તમામ દર્દીઓની સમયસર શોધ થાય અને નિયમિત સારવાર મળી રહે, તેવું સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે.

આજરોજ ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા બેઠકમાં, મેડિકલ કોલેજમાં આરોગ્યની તપાસ અર્થે આવતાં નાગરિકોમાં ટીબીના લક્ષણો હોય તેવા તમામ નાગરિકોની ટીબી તપાસ થાય તેવું નક્કી કરાયું હતું.

આ ઉમદા હેતુને સાર્થક કરવા માટે મેડિકલ કોલેજના ઓપીડી વિભાગની કેસ બારી પર જ તપાસ માટે આવેલા દર્દીના કેસ પર જ લાલ રંગનો ફાસ્ટ્રેકનો સિક્કો લગાવવામાં આવશે. જેથી ટીબીના લક્ષણો દેખાતા દર્દીની ઝડપથી તપાસ કરવામાં આવે. આ વ્યવસ્થા સુચારૂ રીતે ગોઠવાય તે માટે મેડિકલ કોલેજના તમામ વિભાગના વડા સાથે બેઠક પણ કરવામાં આવી હતી. ટીબીને નાબૂદ કરવા અને ટીબીના કેસ શોધવા માટે હવેથી ટીબીના શંકાસ્પદ દર્દીની પણ તપાસ કરવામાં પણ આવશે.

## ખૂણેખાંચરેથી

- સરઢવ પગપાળા સંઘ દ્વારા ડાકોર રણછોડજી મંદિરે ધજા ચડાવવામાં આવી છે. કોરોના મહામારીને કારણે સંઘનું પ્રતિનિધિ મંડળ ડાકોર ધજા લઈને ગયુ હતુ.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા લીગલ સેલના સંયોજક, સહસંયોજક અને સેલના અન્યની નિમણુંકો કરવામાં આવી છે.
- રાજય સરકારે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ તરીક નિવૃત્ત સનદી અધિકારી આર. આર. રાવલની નિયુક્તી કરતા હુકમો કર્યા છે.
- ધી ગુજરાત સચિવાલય એમ્પલોઈઝ કો.ઓ. ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૦ બેઠકો માટેની ચૂંટણીનો કાર્યક્રમ આજે જાહેર થયો છે.
- પ્રદેશ કોંગ્રેસ અગ્રણી હિમાશુ પટેલ આજે નાદુરસ્ત થયા છે. સતત બેચેની અને થકાવટની અનુભૂતિ થતી હોવાનું તેમણે ઔપચારિક વાતચીતમાં સ્વીકાર્યુ હતુ.
- દેવશયની એકાદશીને મંગળવારથી શરૂ થતા ચાર્તુમાસને લઈ શહેરમાં ભક્તિનો માહોલ છવાયો છે.
- આજે યોજાયેલ આદિજાતિ વિકાસ અધિકારી વર્ગ-૩ની જગ્યા માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૫ થી ૫૦ ટકા જ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર એકંદરે પરીક્ષાર્થીઓને હળવુ લાગ્યુ હતુ.

## આજે પ.પૂ. આચાર્ય ભગવંત પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજ ચર્તુમાસ નિમિત્તે ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૧૭

ચાર્તુમાસ નિમિત્તે આજે ગાંધીનગરમાં રાષ્ટ્રીય સંત પ.પૂ. આચાર્ય ભગવંત પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ તેમના શિષ્યો અને પ્રશિષ્યો સાથે ગાંધીનગરમાં પ્રવેશ કરશે.

પ.પૂ. આચાર્ય ભગવંત પદ્મસાગરજી મહારાજ સાહેબ દ્વારા કોવિડ-૧૯ની ગાઈડલાઈનના અમલની સૂચના હોવાથી ભક્તોને પણ તેનુ પાલન કરવા જણાવાયુ છે. ગાંધીનગર સે. ૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૧૦ વાગે તેઓ આવી પહોંચશે અને તે માટેની સંપૂર્ણ તૈયારીઓ ટ્રસ્ટીમંડળ દ્વારા કરવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં પ્રથમવાર તેઓ ચાર્તુમાસ કરવા આવી રહ્યા હોવાથી શહેરના જૈન સમાજમાં ખુશીનો માહોલ છવાયેલો છે.

## સેકટર-૨ ડી ખાતે યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર શહેરના સેકટર-૨ ડી પ્લોટ નં.૧૬૮૦-૨ ખાતે રહેતા ૩૪ વર્ષિય દિપેનકુમાર સુરેશભાઈ પટ્ટણીએ ગતરોજ મોડીસાંજે પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો પાસેથી મળથી વિગત મુજબ મૃતક યુવક સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરી રહ્યો હતો. જયારે દિપેન નાની ઉંમરનો હતો ત્યારે માતાની છત્રછાયા ગુમાવી હતી. તો બીજીતરફ કોરોના કાળમાં તેના પિતાજીનું અવસાન થયું હતું. જયારે યુવક સંધિવાની બિમારીથી પણ પિડાઈ રહ્યો હતો અને ઘરમાં ખાસ કોઈ ન હોવાથી માનસિક તણાવમાં રહેતો હોવાથી આ પ્રકારનું પગલું ભર્યુ હોવાનું મનાઈ રહ્યું છે.

## જન્મદિનના વધામણાં



રમીલાબેન એસ. પટેલ



અર્પી એસ. પટેલ

આપના જન્મદિનની ખૂબ-ખૂબ શુભકામના

ટચૂકડી જાહેર ખબર

**વેચવાનો છે**

2BHK ફ્લેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ખ-૦, વેચવાના છે.
મો. ૯૪૨૭૫૦૭૨૧૦

**મકાન ભાડે આપવાનું છે**

એ/૩, અશ્વમેઘ ફ્લેટ્સ, ડી.એસ.પી. ઓફીસના મેઈન ગેટ સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. ૯૯૦૪૦૦૪૫૫૯
મો. ૭૯૯૦૩૯૮૮૭૯